Presented on : 08-01-2026
Registered on : 08-01-2026
Decided on : 30-03-2026
Duration : 0 y, 2 m, 22 d.

GJKH120000092026

**આંક:–**

**(૧) ફોર્મ – એ**

| |
|---|
| **ડાકોરના મહેરબાન જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ,ડાકોર**<br>**નરેન્દ્ર કુમાર જોષી**<br>જજમેન્ટની તારીખ : ૩૦ /૦૩ /૨૦૨૬<br>ફોજદારી કેસ નં. ૦૫ /૨૦૨૬<br>ડાકોર પો.સ્ટે. પાર્ટ.બી.ગુન્હા રજી.નં .૧૧૨૦૪૦૨૧૨ ૫૦૧૬૭ /૨૦૨૫ |
| **ફરીયાદી :** સરકારશ્રી, |
| **ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.**શ્રી એમ.એમ.ઝાલા |
| **આરોપી :** (૧) વિનુભાઈ રાવજીભાઈ રાઠોડ<br>ઉ.વ. ૫૫ , ધંધો. ખેતી,<br>**રહે.** મુળીયાદ મહાકાળીવાળુ ફળીયુ,<br>તા. ઠાસરા,જી.ખેડા. |
| **આરોપીપક્ષે વિ.વ.શ્રી** ડી.બી.રોહીત |

**(૨) ફોર્મ : બી**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ : | 21–03–2025 |
| એફ.આઈ.આર.ની તારીખ : | 22–03–2025 |
| ચાર્જશીટની તારીખ : | 08–01–2026 |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ : | 25–02–2026 |
| પુરાવો નોંધવાનું શરુ કર્યા તારીખ : | 25–02–2026 |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ : | 30–03–2026 |

| | |
|---|---|
| જજમેન્ટની તારીખ : | 30–03–2026 |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | – |

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે ? | શું દોષી / નિર્દોષ | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમયગાળો સી.આર.પી.સી.૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિનુભાઈ રાવજીભાઈ રાઠોડ | – | – | બી.એન.એસ. કલમ – ૨૮૧, ૧૨૫ (એ), ૧૨૫ (બી) તથા એમ.વી એક્ટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબ, | નિર્દોષ | – | – |

<u>(૩) ફોર્મ : સી</u>

<u>ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીની વિગત :</u>

<u>A : ફરીયાદપક્ષ</u>

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| PW-1 | અજીતભાઈ ગોવિંદભાઈ પરમાર | ફરીયાદી (આંક– ૦૬ ) |
| PW-2 | વિનોદભાઈ ભગાભાઈ પરમાર | સાહેદ (આંક– ૦૮ ) |
| PW-3 | નરસીંહભાઈ વિનુભાઈ રાઠોડ | સાહેદ (આંક–૦૯) |

<u>B : બચાવપક્ષ</u>

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| DW-1 | નીલ | નીલ |

(નરેન્દ્ર કુમાર જોષી)
UIC No.01454

**C : કોર્ટ સાક્ષી**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| CW-1 | નીલ | નીલ |

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટ તરફે રેકર્ડે આવેલ દસ્તાવેજની વિગત :**

**A : ફરીયાદપક્ષ**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| 1 | આંક– ૦૭ | ફરીયાદ |
| 2 | આંક– ૧૦ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ. |
| 3 | આંક– ૧૧ | વિનોદભાઇ ભગાભાઈનુ મેડીકલ સર્ટી |
| 4 | આંક– ૧૨ | અજીતભાઇ ગોવિંદભાઈનુ મેડીકલ સર્ટી |
| 5 | આંક– ૧૩ | નરસીંહભાઇ વિનુભાઇ રાઠોડ મેડીકલ સર્ટી |

**B : બચાવપક્ષ**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| 1 | – | – |

**C : કોર્ટ દસ્તાવેજ**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| 1 | – | – |

**–:: ઠ રા વ ::–**

(૪) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૨૧/૦૩/૨૦૨૫ ના રોજ સાંજના આશરે કલાક ૧૫/૩૦ વાગ્યાના સુમારે મોજે ઠાસરાથી ડાકોર જવાના રોડ ઉપર સામરીયા પાટીયા નજીક વળાંકમાં કોલમ નં. ૧ માં જણાવેલ આરોપીએ પોતાના કબ્જા ભોગવટાની મોટરસાયકલ નંબર જી.જે. ૦૭.ઈ.એસ. ૪૭૭૯ ની પુરઝડપે અને બેફીકરાઈ

અને ગફલતભરી રીતે ચલાવી લઈ આવી આગળ જતા ફરી.ના મોટરસાયકલ નબર જી.જે.૦૭. ઈ.એલ.૪૫૬૬ ને પાછળથી ટક્કર મારી ફરીયાદીને ડાબા પગના ઢીંચણ નીચવાસ તથા જમણા હાથની કોણી નજીક ફેક્ચર કરી તથા ફરીયાદીના સાહેદોને શરીરે ઈજાઓ પહોચાડી ફેક્ચર કરી, ઉપરોકત હકીકતે ફરીયાદીએ ડાકોર પો.સ્ટે. ફરીયાદ નોંધાવતા તે આધારે ડાકોર પો.સ્ટે. ફસ્ટ ગુન્હા રજી.નં ૧૧૨૦૪૦૨૧૨૫૦૧૬૭/૨૦૨૫ થી ગુન્હો રજીસ્ટર થયા બાદ આ કામના તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુઘ્ધ અત્રેની અદાલતમાં બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી એક્ટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલુ છે.

(૫) આ કામે આરોપીઓને સમન્સ બજતાં હાજર થતાં તેમને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કર્યા બાદ ગુન્હાં સબંધી આરોપીઓ સામે **આંક–૦૪ થી** આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે જેમાં આરોપીએ ગુન્હો કબુલ ન હોવાનું જણાવતાં આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ શરુ કરવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. તેમજ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ આરોપીનું કોઈ નિવેદન નોઘવા લાયક પુરાવો જણાય ન આવતા આરોપીનું વિશેષ નીવેદન નોઘવામાં આવેલ નથી.

(૭) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એમ.એમ.ઝાલા તથા આરોપી પક્ષે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી તેમજ આ કામે કોઈ પણ પક્ષ ઘ્વારા લેખિત દલીલ રજૂ રાખવામાં આવેલ નથી તથા આ કામ નો પુરાવો તથા રેકર્ડ વંચાણે લીઘુ.

(૮) આમ, આ કામે સદર કેસના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુ દ્દા ઓ :-**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે તા. ૨૧/૦૩/૨૦૨૫ ના રોજ સાંજના આશરે કલાક ૧૫/૩૦ વાગ્યાના સુમારે મોજે ઠાસરાથી ડાકોર જવાના રોડ ઉપર સામરીયા પાટીયા નજીક વળાંકમાં કોલમ નં. ૧ માં જણાવેલ આરોપીએ પોતાના કબ્જા ભોગવટાની મોટરસાયકલ નંબર જી.જે. ૦૭.ઈ.એસ. ૪૭૭૯ ની પુરઝડપે અને બેફીકરાઈ અને ગફલતભરી રીતે ચલાવી લઈ આવી આગળ જતા ફરી.ના મોટરસાયકલ નંબર જી.જે.૦૭ ઈ.એલ.૪૫૬૬ ને પાછળથી ટક્કર મારી ફરીયાદીને ડાબા પગના ઢીંચણ નીચવાસ તથા જમણા હાથની કોણી નજીક ફેક્ચર કરી તથા ફરીયાદીના સાહેદોને શરીરે ઈજાઓ પહોચાડી ફેક્ચર કરી બી.એન.એસ. કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી એક્ટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો કારણો સહિત નીચે મુજબ છે.

મુદ્દા નંબર:-૧ નકારમાં.

મુદ્દા નંબર:-૨ આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નંબર – ૧ ::-**

**(૧૦)** આરોપી સામે શંકાથી પર રીતે ગુન્હો સાબીત ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તે ક્રિમીનલ જયુરીશપ્રુડન્સનું પાયાનું અનુમાન છે. જેથી

ફરીયાદ પક્ષે તેમનો કેસ શંકાથી પર પુરવાર કરવાનો રહે છે. આ કામે આરોપી વિરૂદ્ધ બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી એક્ટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબ, મુજબના ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે.

**(૧૧)** આ કામે ફરીયાદ પક્ષે રજુ પુરાવો જોઈએ તો ફરીયાદી અજીતભાઈ ગોવિંદભાઈ પરમાર આંક–૦૬ થી જુબાની આપી સરતપાસમાં જણાવે છે કે દસ એક મહીના અગાઉ હુ તથા મારા સંબંધી વિનોદભાઈ ભગાભાઈ પરમાર ગલતેશ્વલ દર્શન કરવા ગયેલ અને અમો બંને જણા પરત ઘરે જવા નીકળેલ તે વખતે બપોરના ત્રણ એક વાગે ડાકોર જવાના રોડે સામરીયા પાટીયા નજીક વળાંકમાં એક મોટરસાઈકલ ચાલક સાથે અમારૂ મોટરસાઈકલ અથડાતા રોડ ઉપર પડી જવાથી મને તથા વિનોદભાઈને તથા સામેના મોટરસાઈકલ ચાલકની પાછળ બેઠેલ ઈસમને ઈજાઓ થતા અમો બધાને ડાકોર અમી હોસ્પિટલમાં દાખલ કરેલ જેથી મે સામેના બાઈકના ચાલક વિરૂદ્ધ ફરીયાદ નોંધાવેલી જેનો નંબર શુ હતો તેની મને ખબર નથી. જે ફરીયાદ મને બતાવવામાં આવે છે. જેમાં મારી સહી છે. જે હું ઓળખી બતાવુ છું. જે **આંક– 7** થી રજુ છે. આ કામના આરોપીને જોયે ઓળખી શકુ નહી. સદર સાહેદ ફરીયાદની વિગત હકીકતને સમર્થન કરતા ના હોય ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદની થયેલ ઉલટ તપાસમાં પણ ફરીયાદ પક્ષને સમર્થન મળે તેવી કોઈ હકીકત રેકર્ડે આવેલ નથી.

સદર ફરીયાદીની બચાવ પક્ષે વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, કહેવાતા બનાવવાળા રસ્તા ઉપર ઘણા બધા વાહનોની અવર જવર થાય છે. એ વાત ખરી છે કે બનાવ કોની બેદરકારીથી બનેલ તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે વાહનની ગતિ ધીમી હતી. એ વાત ખરી છે કે વાહનનો નંબર શુ હતો તેની મને ખબર નથી. જેથી આ કામના

આરોપીની બેદરકારીને લીધે અકસ્માત થયેલ તેવી કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં હાલનો બનાવ આ કામના આરોપીની બેદરકારીથી બનેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરવામા આવેલ નથી.

**(૧૨)** આ કામે ફરીયાદ પક્ષે રજુ પુરાવો જોઈએ તો સાહેદ વિનોદભાઈ ભગાભાઈ પરમાર નાએ **આંક– ૦૮** થી જુબાની આપી સરતપાસમાં જણાવેલ છે કે, દસ એક મહીના અગાઉ હુ તથા મારા સંબંધી અજીતભાઈ ગોવિંદભાઈ પરમાર ગલતેશ્વર દર્શન કરવા ગયેલ અને અમો બંને જણા પરત ઘરે જવા નીકળેલ તે વખતે બપોરના ત્રણ એક વાગે ડાકોર જવાના રોડે સામરીયા પાટીયા નજીક વળાંકમાં એક મોટરસાઈકલ ચાલક સાથે અમારૂ મોટરસાઈકલ અથડાતા રોડ ઉપર પડી જવાથી મને તથા અજીતભાઈને તથા સામેના મોટરસાઈકલ ચાલકની પાછળ બેઠેલ ઈસમને ઈજાઓ થતા અમો બધાને ડાકોર અમી હોસ્પિટલમાં દાખલ કરેલ જેથી અજીતભાઈએ સામેના બાઈકના ચાલક વિરૂદ્ધ ફરીયાદ નોંધાવેલી જેનો નંબર શુ હતો તેની મને ખબર નથી. પોલીસે મારો જવાબ લીધેલો. આ કામના આરોપીને જોયે ઓળખી શકુ નહી. સદર સાહેદ ફરીયાદની વિગત હકીકતને સમર્થન કરતા ના હોય ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદની થયેલ ઉલટ તપાસમાં પણ ફરીયાદ પક્ષને સમર્થન મળે તેવી કોઈ હકીકત રેકર્ડે આવેલ નથી.

સદર સાહેદની બચાવ પક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, કહેવાતા બનાવવાળા રસ્તા ઉપર ઘણા બધા વાહનોની અવર જવર થાય છે. એ વાત ખરી છે કે બનાવ કોની બેદરકારીથી બનેલ તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે વાહનની ગતિ ધીમી હતી. એ વાત ખરી છે કે વાહનનો નંબર શુ હતો તેની મને ખબર નથી. જેથી આ કામના

આરોપીની બેદરકારીને લીધે અકસ્માત થયેલ તેવી કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં હાલનો બનાવ આ કામના આરોપીની બેદરકારીથી બનેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરવામા આવેલ નથી.

(૧૩) આ કામે ફરીયાદ પક્ષે રજુ પુરાવો જોઈએ તો સાહેદ નરસીંહભાઈ વિનુભાઈ રાઠોડ નાએ **આંક– ૦૯** થી જુબાની આપી સરતપાસમાં જણાવેલ છે કે, દસ એક મહીના અગાઉ હુ તથા મારા પિતા મારા કાકાના દિકરાનુ મોટરસાઈકલ લઈને ઠાસરા નકલો કઢાવવા માટે ગયેલ મારા પિતા વિનુભાઈ બાઈક ચલાવતા હતા અને હુ પાછળ બેઠેલ હતો તે વખતે બપોરના ત્રણ એક વાગે ડાકોર જવાના રોડે સામરીયા પાટીયા નજીક વળાંકમાં એક મોટરસાઈકલ ચાલક સાથે અમારૂ મોટરસાઈકલ અથડાતા રોડ ઉપર પડી જવાથી મને તથા સામેના મોટરસાઈકલ ચાલકને તથા તેની પાછળ બેઠેલ ઈસમને ઈજાઓ થતા અમો બધાને ડાકોર અમી હોસ્પિટલમાં દાખલ કરેલ જેથી અજીતભાઈએ મારા પિતા વિરૂદ્ધ ફરીયાદ નોંધાવેલી જેનો નંબર શુ હતો તેની મને ખબર નથી. પોલીસે મારો જવાબ લીધેલો. આ કામના આરોપીને જોયે ઓળખુ છુ. સદર સાહેદ ફરીયાદની વિગત હકીકતને સમર્થન કરતા ના હોય ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદની થયેલ ઉલટ તપાસમાં પણ ફરીયાદ પક્ષને સમર્થન મળે તેવી કોઈ હકીકત રેકર્ડે આવેલ નથી.

સદર સાહેદની બચાવ પક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, કહેવાતા બનાવવાળા રસ્તા ઉપર ઘણા બધા વાહનોની અવર જવર થાય છે. એ વાત ખરી છે કે બનાવ કોની બેદરકારીથી બનેલ તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે વાહનની ગતિ ધીમી હતી. એ વાત ખરી છે કે વાહનનો નંબર શુ હતો તેની મને ખબર નથી. જેથી આ કામના

(નરેન્દ્ર કુમાર જોષી)
UIC No.01454

આરોપીની બેદરકારીને લીધે અકસ્માત થયેલ તેવી કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં હાલનો બનાવ આ કામના આરોપીની બેદરકારીથી બનેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરવામા આવેલ નથી.

**(૧૪)** ઉપરોકત ફરીયાદ હકીકતે રજુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ તેમજ મેડીકલ પ્રમાણપત્ર ને આંકે પાડવા સામે બચાવપક્ષને વાંધો ન હોવા માત્રથી ફરીયાદ હકીકત પુરવાર માની શકાય તેમ નથી.વધુમાં આ કામના ફરીયાદીએ **આંક– ૧૪** થી પુરસીસ આપી આ કેસ આગળ ચલાવવા માંગતા નથી કે કોઈ વિશેષ પુરાવો આપવા માંગતા નથી તેવું જાહેર કરેલ છે.

નામદાર સુપ્રિમ કોર્ટના **Madan Mohan Abbot Vs. State of punjab [ AIR 2008 SC 1969]** ના ચુકાદામાં પેરા–૫ માં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, We need to emphasize that it is perhaps advisable that in disputes where the question involved is of a purely personal nature, the Court should ordinarily accept the terms of the compromise even in criminal proceedings as Keeping the matter alive With no possibility of a result in favour of the prosecution is a luxury which the Courts, grossly overburdened as they are, cannot afford and that the time so saved can be utilized in deciding more effective and meaningful litigation. This is a common sense approach to the matter based on ground of the technicalities of the law. જયારે તકરારી વિષય સં પૂર્ણપણે વ્યકિતગત હોય ત્યારે જો પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોય ત્યારે અદાલતે સામાન્ય સંજોગોમાં સમાધાન ધ્યાને લેવું જોઈએ તથા જયારે કેસમાં ફરીયાદપક્ષની તરફેણમાં ચુકાદો આવવાની કોઈ જ શકયતા ન હોય અને જયારે અદાલતોમાં થયેલ કેસોના ભરાવાને ધ્યાને લઈએ તો અદાલતે આવા કેસો ચાલુ રાખવા યોગ્ય નથી અને અદાલતે આ બચેલ સમય

બીજા અસરકારક અને યોગ્ય તકરારી કેસોમાં આપવો જોઈએ. આમ, આ ચુકાદાને ધ્યાને રાખીને પણ જયારે સદરહુ કેસમાં આરોપી અને ફરીયાદી વચ્ચે સમાધાન થયેલ છે ત્યારે અને ફરીયાદી ફરીયાદપક્ષને કોઈ મદદરૂપ જુબાની આપતા ન હોવાથી અન્ય કોઈ સાહેદોને તપાસવા જરૂરી લાગેલ નથી. વધુમાં નામદાર સુપ્રિમકોર્ટે **'Satish mehra vs. Delhi Administration' (1996 JCC 507),** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, It was held by the Hon'ble Supreme court of India that' when the Judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the court should not be wasted for holding of trial, only for the purpose of formally completing the prouncement of the conclusion on a future date if the case ends with acquittal after examine the witness it is better to drop the other witnesses it gains a lot of time of the court and save much human effect and cost and also provide the speedy remedy. આમ, ઉપરોકત નામ.સુપ્રિમકોર્ટના ચુકાદાઓને ધ્યાને રાખીને પણ જયારે કેસમાં આરોપીને સજા થવાની કોઈ શકયતાઓ જ રહેલ નથી તેવા સં જોગોમા માત્ર પ્રોસીજર પુરી કરવા સારૂ ટ્રાયલ પુરી કરવી જરૂરી નથી.

**(૧૫)** હાલ હાથ પરના કેસમાં રજુ પુરાવા ધ્યાને લેતા ફરીયાદી તથા સાહેદોને થયેલ ઈજા આરોપીની બેદરકારી અને બેફીકરાઈવાળા વર્તનના કારણે થયેલ છે તે બાબતે ફરીયાદી તથા સાહેદોની જુબાનીમાં કોઈ હકીકત જણાઈ આવતી ન હોય, તે સંજોગોમાં જયારે આરોપીની બેદરકારીના કારણે જ અકસ્માત બનેલ છે અથવા અકસ્માત બનવામાં કોઈપણ રીતે આરોપીની ભાગીદારી છે અને તે કાયદા મુજબ ગુના લગત જરૂરી તત્વોની સાબિતી માટે જરૂરી છે તેવી હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર સાબિત કરવામાં અસફળ રહેલ હોય ત્યારે ફરીયાદીની જુબાનીમાં ફરીયાદ હકીકત મુજબના જરૂરી

તત્વો પુરવાર કરવા સારું જરૂરી હકીકત રેકર્ડ ઉપર સાબિત થતી ન હોય તેમજ રજૂ પુરાવા ફરિયાદ હકીકતથી ઈતરની હકીકત રેકર્ડ ઉપર દ્રષ્ટિગોચર કરતી હોય તેમ ફલિત થતું હોય, તે સંજોગોમાં ઉપરોકત કરેલ ચર્ચા સબબ ઉપરોકત કારણોસર ફરીયાદપક્ષ ફરીયાદ હકીકતમાં જણાવેલ ગુન્હા સબબના જરૂરી તત્વો તથા કાનૂની જોગવાઈઓ ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધનું તહોમત શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નં.(૧) નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં. (૨) લગત આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

**-: <u>આખરી હુકમ</u> :-**

- આ કામના આરોપી વિનુભાઈ રાવજીભાઈ રાઠોડ નાઓને તેમની વિરૂદ્ધ ના બી.એન.એસ. કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી એક્ટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામના આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જાત મુચરકા અપીલ સમય સુધી કાયમી કરવામા આવે છે.

હુકમ આજરોજ તારીખ- ૩૦ મી માહે. માર્ચ , સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ :** ડાકોર
**તા.** ૩૦ / ૦૩ /૨૦૨૬

**(નરેન્દ્ર કુમાર જોષી)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ડાકોર, CodeNo.GJ01454